ગાંધીનગરની પારૂલ પરમારે પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ત્રણ ચંદ્રકો જીત્યા

જર્મનીના ડોર્ટમંડ ખાતે રમાયેલી ટૂર્નામિન્ટમાં ૧ સુવર્ણ ચંદ્રક અને બે કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કરી વિશ્વ ફલક પર ચમક્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરની દીકરી પારૂલ પરમારે તાજેતરમાં જર્મનીના ડોર્ટમંડ ખાતે રમાયેલી પેરા બેન્ડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ-૨૦૧૩માં ભારત વતી રમતા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ૧ ગોલ્ડ અને ૨ બ્રોન્ઝ મેડલ જીની વિશ્વ ફલક પર દેશ તથા ગુજરાતનું નામ રોશન કરેલ છે.

ગત તારીખ ૪થી નવેમ્બરથી ૧૦મી નવેમ્બર દરમ્યાન રમાયેલી આ ટૂર્નામેન્ટમાં ભારત વતી કુલ ૨૦ ખેલાડીઓની ટીમે ભાગ લીધો હતો. જેમાં એક માત્ર મહિલા ખેલાડી તરીકે પારૂલ પરમાર હતા. ભારતની ટીમે આ સ્પર્ધામાં કુલ ૩ ગોલ્ડ મેડલ અને ૬ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. આ સ્પર્ધામાં કુલ ૩૮ દેશોએ ભાગ લીધો હતો. વર્ષ ૨૦૦૯માં ભારત સરકાર દ્વારા અર્જૂન એવોર્ડથી સન્માનિત થયેલ પારૂલે આ ટૂર્નામેન્ટમાં ખૂબજ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગત તારીખ ૨૭મી ઓકટોબરે ગાંધીનગર જીમખાના ખાતે ઓલ ઈન્ડીયા સિવિલ સર્વિસ બેડમીન્ટન ટૂર્નામેન્ટમાં પ્રથમ ક્રમે વિજેતા થયાના બીજા જ દિવસે એટલેકે ૨૮મી ઓકટોબરે તેઓ જર્મની ખાતે આ પેરા બેન્ડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ રમવા રવાના થયા હતા તેથી તેમને આ આંતરરાષ્ટ્રિય ટૂર્નામેન્ટ માટે તૈયારી કરવાનો સમય પણ મળ્યો નહોતો છતાં તેમણે પોતાના આત્મવિશ્વાસ અને મહેનતથી શાનદાર રમત રમી ૧ સુવર્ણચંદ્રક અને ૨ કાંસ્ય ચંદ્રક જીતી ગાંધીનગરનું ગૌરવ સમગ્ર દેશ અને વિશ્વમાં ગુંજતુ કર્યું છે.

પારૂલે ૧૯૮૫ની સાલમાં ૮ વર્ષની ઉંમરે પિતાના પગલે બેડમીન્ટન રમવાનું ચાલુ કર્યું હતું. તેમના પિતા દલસુખભાઈ પરમાર સરકારી કર્મચારી હોવાની સાથે સાથે બેડમીન્ટનના સારા ખેલાડી હતા. નાનકડી પારૂલ ત્યારે પોલિયોની બિમારીની શિકાર હોવાથી સમય પસાર કરવા પિતાની સાથે કોર્ટ પર જતી અને બહાર બેસીને ખેલાડીઓને સતત રમતા જોતી હતી. આ દરમ્યાન તેમને પણ રમવાની ઈચ્છા થઈ આવતા ધીમે ધીમે રમવાનું ચાલુ કર્યું અને તેમની રમતની પ્રસંશા થતા તેમના મનોબળમાં ઉમેરો થતો ગયો. આ દરમ્યાન તેમને માતા-પિતાનો સહકાર અને યોગ્ય માર્ગદર્શન મળતા તેઓ એક કાબેલ ખેલાડી બનીને બહાર આવ્યા એટલું જ નહી તેમણે રાજ્ય અને નેશનલ લેવલે અનેક ટૂર્નામેન્ટો જીતી. તેમણે ૨૦૦૨ની સાલમાં તેમની પહેલી ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ મેડલ જીતી અનોખી સિદ્ધિ મેળવી હતી. ત્યાર બાદ આ ક્ષેત્રે તેમનું સતત વિજયી પ્રદર્શન જારી રહેતા ૨૦૦૯ની સાલમાં તેમને ભારતના રાષ્ટ્રપતિના હસ્તે અર્જુન એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. અત્યાર સુધીમાં તેઓ દસેક દેશોમાં અનેક આંતરરાષ્ટ્રિય ટૂર્નામેન્ટો રમી ચુક્યા છે.

પારૂલ પરમાર ખાનપુર અમદાવાદ ખાતે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર કોર્ટ રૂમની બારીમાંથી ભાગી ગયેલો

ડબલ મર્ડરનો આરોપી આમીન બાદશાહ રીઢો ઘરફોડીયો થઈ ગયો...!

કોર્ટમાંથી ભાગીને દિલ્હી પહોંચી જઈ પોતાનું નેટવર્ક ઉભું કર્યું : ગાંધીનગર, અમદાવાદ અને બરોડામાં ૨૪ ઘરફોડ : નાસીકમાં ૯ ઘરફોડ : ત્રણ વાહન ચોરી કરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સેકટર-૬ના ચકચારી ડબલ મર્ડર-લુંટ પ્રકરણનો મુખ્ય સુત્રધાર આમીન બાદશાહ મનસુરી ૮મી મે ૨૦૧૨ના રોજ ગાંધીનગર કોર્ટમાં મુદતે લવાયો હતો. તે વખતે કોર્ટ રૂમની બારીમાંથી ફિલ્મી ઢબે છલાંગ મારીને ભાગી ગયો હતો. તેને ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે મહારાષ્ટ્ર પોલીસની મદદથી પકડી પાડયો છે. એલસીબી તેને નાસિકની જે લ માં થી ટ્રાન્સફર વોરંટને આધારે લઈ આવી છે. આ મી ના બાદશાહની સા ધ ના પુછતાછમાં સનસની અને ચોંકાવી મુકે તેવી વિગતો બહાર આવી છે.

આમીન બાદશાહ મનસુરી કોર્ટમાંથી તેના સાબરમતી જેલમાં મળેલા બે મિત્રોની મદદથી ભાગી ગયો હતો. ત્યાંથી દિલ્હી પહોંચી ગયા બાદ પોતાનું નેટવર્ક ઉભું કર્યું હતું. ફોર વ્હીલર લઈને તે ગેંગ ગાંધીનગર, અમદાવાદ અને બરોડા સુધી તાબક્કાવાર પહોંચી હતી અને દિવસની ઘરફોડ ચોરીઓ શરુ કરી દીધી હતી. ડબલ મર્ડરનો આરોપી આમીન બાદશાહ કોર્ટમાંથી ભાગી ગયા બાદ રીઢો ઘરફોડીયો બની ગયો હતો.

આમીને વર્ષ ૨૦૧૧માં ધર્મની બહેન પડોસી ડૉ. નુપુર અને તેણીની માતા બંનેનું ઘરમાં ઘુસીને તેના મિત્રોની

● અનુસંધાન પાન-૭ પર

આમીને સી.બી.આઈ. કોલોનીમાંથી સરકારી બાઈક ચોર્યું હતું...!

સેકટર-૧૦ ખાતે સ્થિત સી.બી.આઈ. કોલોનીમાંથી એક સરકારી પલ્સર બાઈક ચોરાઈ ગયું હતું. થોડા સમય બાદ તે બાઈક ખેડામાંથી મળી આવ્યું હતું. આ બાઈક પણ આમીન બાદશાહે ચોરી કર્યું હોવાની કબુલાત એલ.સી.બી. સમક્ષ કરી છે તે સહિત તેણે ત્રણ બાઈકો ચોરી કરી હોવાની કબુલાત પણ કરી છે.

આમીનને ભગાડી જવામાં મદદ કરનાર બંને શખ્સો કોર્ટમાંથી ભાગવામાં માસ્ટર...!!

આમીન સાબરમતી જેલમાં પાસા હેઠળ ભાવનગરથી ધકેલાયેલા બે શખ્સો ધીરજ ગુમા અને શિવશંકર ઉર્ફે શંકર ડૉનના સંપર્કમાં આવ્યો હતો. આ બંને શખ્સો અગાઉ કોર્ટમાંથી ભાગી છુટેલા છે. બંને માસ્ટરની મદદ આમીને કોર્ટમાંથી ભાગવા માટે લીધી અને જેલમાં જ પ્લાન ઘડી કાઢયો હતો. શંકર ડૉને પ્લાન ઘડયો અને આમીનની મુદતના દિવસે જ કોર્ટમાંથી કુદ્યા બાદ ધીરજ ગુમા બાઈક પાછળ બેસાડીને તેને ભગાડી ગયો હતો.

આમીનને કોર્ટમાંથી જ એક બાઈક ચોરીને ભગાડી જવાયો હતો

આમીનને કોર્ટમાંથી ભગાડવાનો પ્લાન પાર પાડવા ધીરજ ગુમા બાઈક લઈને ગાંધીનગર કોર્ટ આવી પહોંચ્યો હતો. તે જે બાઈક લાવ્યો હતો તે પણ ચોરીનું હતું. આ બાઈક ગાંધીનગર કોર્ટમાં મુકી દીધા બાદ ધીરજે કોર્ટ સંકુલ બહારથી એક બીજું બાઈક ચોરી કરી લીધું હતું અને તે જ બાઈક પર આમીનને ભગાડીને લઈ જવાયો હતો.

ખૂણે... ...ખાંચરેથી

- રોટરી કલબના ડિસ્ટ્રીકટ ગર્વનર ડૉ. ગ્યાનેશ રાવ આજે ગાંધીનગરના અતિથિ છે.
- ગાંધીનગર સમાચારના પત્રકાર શ્રી ગૌતમ પુરોહિતના દિકરા યશ પુરોહિત તથા કર્મચારી શ્રી ચેતન પ્રજાપતિને આજે અકસ્માત નડયો છે. બંનેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગરના તબીબ ડૉ. દિનકર ગોસ્વામી અને અન્ય તબીબો આજે અમદાવાદમાં યોજાયેલ ડાયાબીટીસની કોન્ફરન્સમાં હાજરી આપવા ગયા હતા.
- રાજયના મહેસુલ વિભાગે ૧૨થી વધુ ડે. કલેકટરોની બદલીના હુકમો જારી કર્યા છે.
- આજે રજાનો દિવસ હોવા છતાં જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠક યોજાઈ હતી.
- આજે બાલદિન નિમિત્તે બાળકોને યાદ કરી કોઈ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું ન હોવાનો રંજ પાટનગરવાસીઓને સતાવી રહ્યો છે.
- ગાંધીનગર કોંગ્રેસમાં ત્રણ આગેવાનો શ્રી અજીતસિંહ ગોહિલ, શ્રી ઘનશ્યામભાઈ સાધુ તથા વિક્રમભાઈ દેસાઈ જોડાયા છે.

પોલીસ અને તંત્રના ગજગ્રાહથી ટ્રાફિક સિગ્નલની લાઈટ ઝબુકતી નથી !

લાખોના ખર્ચની સાથે રોડ સેફટીની વાત ઉપર પણ પાણી ઢોળાયું : ટ્રાફિક સિગ્નલ જ ગ્રીન સિગ્નલની રાહે !

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં ટ્રાફિક નિયમનની અસરકારક અમલવારીના અભાવે પૈડા પરની જિંદગી દિનપ્રતિદિન જોખમી બની રહી છે. રોડ સેફટીને જોખમમાં મુકતા પરિબળોને ડામવામાં પણ કોઈ નક્કર પગલા લેવાયા નથી. બીજી તરફ ગતિ નિયંત્રણની વાત પણ હવા થઈ ગઈ છે. આવા સંજોગોમાં શહેરમાં ટ્રાફિક નિયમનની લબુક-ઝબુક થતી લાઈટો પણ બંધ થઈ જતા બેફામ ગતિએ દોડતા વાહનોના પૈડા થંભાવવાનું કામ વધુ મુશ્કેલ બન્યું છે. શહેરમાં લાખોના ખર્ચે ત્રણ ઠેકાણે ટ્રાફિક સિગ્નલ મુકાયા બાદ પણ તેનો કોઈ હેતુ સરતો નથી. લાખોના ખર્ચની સાથે રોડ સેફટીની વાત ઉપર પણ પાણી ફરી વળ્યું છે. ટ્રાફિક સિગ્નલના મામલે પોલીસ અને તંત્રના અધિકારીઓ એકબીજાના માથે દોષનો ટોપલો નાંખવાની નીતિ અપનાવી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. બન્ને વિભાગોના ગજગ્રાહ વચ્ચે ટ્રાફિક સિગ્નલને ફરી ચાલુ કરવાનું ગ્રીન સિગ્નલ મળતુ નથી !!

શહેરમાં આમ પણ માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયું છે. ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે બેરોકટોક જતા વાહનો રોજબરોજ અકસ્માતનું કારણ બને છે. શહેરમાં પીકઅવર્સ દરમિયાન મેગાસીટીની જેમ હવે ટ્રાફિકનું પ્રમાણ વધતા વાહનોને નિયત સમયે બ્રેક વાગે તે જરૂરી બન્યું છે. અકસ્માતોને ડામવા દંડ વસુલીના અભિયાન સિવાય કોઈ અસરકારક કામગીરી થઈ શકી નથી. આવા સંજોગોમાં વિસ્તરતા જતા રોડનેટવર્ક પર પૈડા પરની જિંદગી

● અનુસંધાન પાન-૭ પર

તાજીયા જુલુસને પગલે પોલીસ બંદોબસ્ત

ગાંધીનગર, તા. ૧૪

મહોરમને પગલે નીકળનાર તાજીયા જુલુસ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે હેતુસર ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ ગોઠવી દેવાયું છે. તે ઉપરાંત તાજીયાના રૂટ પર સ્થાનિક પોલીસની ટીમ ઉતારી દઈ ચાંપતો બંદોબસ્ત તેનાત કરવામાં આવ્યો છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે રૂટ પર બંદોબસ્ત રાખ્યા ઉપરાંત પૂર્વ રાત્રીએ બાઈક પેટ્રોલીંગ પણ રાખવામાં આવ્યું છે. સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં રાત્રીથી જ પોલીસ પોઈન્ટ ગોઠવી દેવામાં આવ્યો છે.

નૂતન વર્ષાભિનંદન....
જયદીપ ન્યુઝપેપર એજન્સી
પ્રો. દશરથ વી. વણઝારા
ગાંધીનગર સમાચાર
પ્રેસનોટ તથા જાહેર ખબર માટે મળો.
મો. : ૯૬૩૮૧ ૮૮૭૯૬ ● ૯૫૫૮૩ ૩૬૪૨૨ ● ૭૬૯૮૦ ૭૯૧૩૩
કુમાર શાળા સામે, તલોદ

નૂતન વર્ષાભિનંદન....
કેશવ ટાઉનશીપ બંગ્લોઝ
બુકીંગ ચાલુ છે
સાઈટ સ્થળ : ટ્રિનીટી એજ્યુકેશનલ કેમ્પસની સામે, ધનસુરા રોડ, તલોદ
મુકેશભાઈ : ૯૮૨૫૪ ૧૩૯૦૯ ● નીરવભાઈ : ૯૨૨૭૫ ૮૧૨૪૫

નૂતન વર્ષાભિનંદન
શ્રીમતી ફાલ્ગુની એસ. જોષી (B.Sc., D.M.L.T.)
ડૉ. સુધીર આર. જોષી (M.S.)
કનસ્ટ્રીંગ જનરલ સર્જન
રાઘવ સર્જીકલ હોસ્પિટલ
રાઘવ કોમ્પલેક્ષ, તલોદ-હિંમતનગર રોડ, બગીચા સામે, તલોદ
ફોન : (૦૨૭૭૦) હો. ૨૨૧૫૨૦, રહે. ૨૨૧૫૨૧
Mo. : 94263 65638
Email : drjoshisudhir@yahoo.co.in
મળવાનો સમય
સવારે ૯ થી ૧ ● બપોરે ૪ થી ૭

નૂતન વર્ષાભિનંદન....
ગુરૂકૃપા કોમ્પલેક્ષ એન્ડ રેસીડન્સી
તલોદ, મામલતદાર કચેરી પાસે, એસ.ટી. પોઈન્ટ રોડ, તલોદ
મો. નં. ૯૮૨૫૯ ૮૭૫૩૩
મો. નં. ૯૫૩૭૮ ૦૭૯૪૪
નોંધ : દુકાનો માટે બુકીંગ કાર્યરત છે. વહેલા તે પહેલાના ધોરણે લાભ મેળવો.

નૂતન વર્ષાભિનંદન....
સહકારી પ્રવૃત્તિ સામેના જોખમો પિછાણી તેના જતન માટે સાવધાન બનીએ.
સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ
સહકાર ભવન, આંબાવાડી, હિંમતનગર. ફોન : ૨૪૬૫૪૧
ધુળાભાઈ ટી. પટેલ — માનદ્ મંત્રી
નવલસિંહ એન. બિહોલા — ઉપાધ્યક્ષ
અંબાલાલ ઉપાધ્યાય — અધ્યક્ષ
ગોપાલભાઈ ડી. ઉપાધ્યાય — એક્ઝીક્યુટીવ ઓફિસર
વ્યવસ્થાપક મંડળના સભ્યશ્રીઓ તથા કર્મચારી પરિવાર

દિપાવલી પર્વની હાર્દિક શુભકામનાઓ...
ધી નમસ્કાર સહકારી શરાફી મંડળી લી., તલોદ
સ્થા. તા. ૧૪/૧૨/૧૯૯૬ — રજી. નં. સે.૨૭૬૪૧
: હેડ ઓફીસ : સુભાષ ચોક, માર્કેટ યાર્ડ, તલોદ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ફોન નં. : (૦૨૭૭૦) ૨૨૦૭૯૯
: શાખા : અંબાજી ચોક, મેઈન બજાર, તલોદ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ફોન નં. : (૦૨૭૭૦) ૨૨૦૮૪૪
Email - ID : nssml99@yahoo.com
શ્રી વિનોદચંદ્ર ટી. ગાંધી ચેરમેનશ્રી
શ્રી અભયકુમાર કે. ચંડક વાઈસ ચેરમેનશ્રી
શ્રી લક્ષીરામ આર. નરસિંઘાણી મેનેજીંગ ડીરેક્ટરશ્રી
શ્રી દિનેશકુમાર આર. સોની જો. મેનેજીંગ ડીરેક્ટરશ્રી
સુરેશ કે. શાહ - જનરલ મેનેજર
વ્યવસ્થાપક કમિટી તથા કર્મચારી ગણ

Whish you Very Happy Diwali & Prosperous New Year
From
TRINITY EDUCATIONAL CAMPUS
(Gujarati & English Medium)
TALOD. Dist. Sabarkantha • Ph. 02770 - 222222, 220681
- Play Group / Nursery & KG-1, KG-2
- Trinity Primary School
- Trinity Secondary School
- Trinity Junior Science College (11th & 12th Science Stream)
- Trinity Hostel for Boys

સૌ નાગરિકોને નૂતન વર્ષાભિનંદન
પટેલ ભાનુભાઈ ડી. કસ્બા તલાટીશ્રી, તલોદ
કાનસિંહ જી. ઝાલા સેવકશ્રી
નવા વર્ષની હાર્દિક શુભેચ્છા

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com